# વાર્ષિક કેટરીંગ કોન્ટ્રાકટર માટેનું ટેન્ડર ફોર્મ

## વર્ષ : ૨૦૦૮–૦૯


**મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન**

(ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થાન)

ડ્રાઈવ–ઈન રોડ, મેમનગર, અમદાવાદ–૫૨.

ટેલીફોન નં. : (૦૭૯) ૪૦૦૧૩૭૦૦, ૪૦૦૧૩૭૦૩, ફેકસ નં. ૨૭૯૧૬૧૭, ૪૦૦૧૩૭૫૫

ઈ–મેઈલ : info@mgliahd.org, વેબસાઈટ : www.mgliahd.org

# <u>વાર્ષિક કેટરીંગ કોન્ટ્રાકટ માટેનું ટેન્ડર ફોર્મ : ૨૦૦૮–૦૯</u>

(૧) આ સાથે આપવામાં આવેલ તમામ શરતો અને બોલીઓને વંચાણે લઈ કેટરીંગના ભાવો આ સાથે બીડેલ પરિશિષ્ટમાં ભરવાનાં રહેશે.

(૨) કેટરીંગ કોન્ટ્રાકટની તમામ શરતો મંજૂર છે તે અંગેનું સીલ અને સહી સાથે પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

(૩) ટેન્ડરની તમામ વિગતો ભરી ***તા. ૧૬.૦૨.૨૦૦૮*** ના રોજ બપોરના ***૧૬.૦૦*** કલાક સુધીમાં હિસાબી કચેરીમાં સીલબંધ કવરમાં પરત કરવાના રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ પેટે ***રૂ.૫૦,૦૦૦/–*** (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો ડ્રાફ્ટ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદના નામે ટેન્ડર સાથે ભરવાના રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

(૪) નિયત તારીખ અને સમયમર્યાદા પછી આવેલ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

(૫) ટેન્ડર સીલબંધ કવરમાં ટેન્ડર કમિટી સમક્ષ ***તા. ૧૬.૦૨.૨૦૦૮ના રોજ ૧૭.૦૦ કલાકે*** સંસ્થાનનાં સેમીનાર રૂમ નં.૧માં ખોલવામાં આવશે ત્યારે ટેન્ડર ભરનાર પોતે અથવા તેના પ્રતિનિધિ હાજર રહી શકે છે.

(૬) બહારની વ્યકિતઓ ધ્વારા કોઈપણ પ્રકારની ભલામણ, લાગવગ કે દબાણ કરાવવા પ્રયત્ન કરવામાં આવશે તો તે પાર્ટીઓનાં ટેન્ડર દૂર કરવામાં આવશે.

(૭) કોન્ટ્રાકટ સમય દરમ્યાન વાનગીઓનાં નકકી થયેલ ભાવોમાં વધારો કરવાની છૂટ આપવામાં આવશે નહી.

(૮) કોન્ટ્રાકટરે સંસ્થાનનાં તેમજ કોન્ટ્રાકટ સબંધી તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૯) કેટરીંગ કોન્ટ્રાકટ ***રૂ. ૧૦૦/–*** ના સ્ટેમ્પ પેપર પર કરવામાં આવશે.

(૧૦) ટેન્ડર ફોર્મ મંજુર/ના મંજુર/રદ કરવાની તમામ સત્તા કોઈપણ કારણ આપ્યા વગર સંસ્નાનનાં મહાનિયામકની રહેશે.

# <u>વાર્ષિક કેટરીંગ કોન્ટ્રાકટ માટેની શરતો અને બોલીઓ</u>

(૧) આ કોન્ટ્રાકટની મુદત પુરી થયે તેજ ભાવે અથવા ૧૦% ભાવ વધારાની મર્યાદામાં વધુ ૧ વર્ષ માટે સમજૂતીથી કોન્ટ્રાકટ રીન્યુ કરી શકાશે અથવા મર્યાદિત સમય માટે લંબાવી શકાશે. પરંતુ પ્રથમ તબકકે આ કોન્ટ્રાકટ ૩ (ત્રણ) માસ માટે અજમાયશી ધોરણે આપવામાં આવશે અને આ અજમાયશી સમય દરમ્યાન કેન્ટીન કોન્ટ્રાકટરની સેવાઓ સંતોષકારક નહી જણાય તો આપેલ કોન્ટ્રાકટ તુર્તજ રદ કરવામાં આવશે અને જે અંગેનો નિર્ણય એકપક્ષીય સંસ્થાન લઈ શકાશે.

(૨) કેન્ટીન કોન્ટ્રાકટ ધ્વારા વાનગી, રસોઈ, ચા–કોફી, સેવાઓ ઈત્યાદિ સંસ્થાનને સંતોષકારક નહી જણાય, અથવા કોન્ટ્રાકટની કોઈપણ શરતનું પાલન કોન્ટ્રાકટર ધ્વારા નહીં કરવામાં આવે તો કોઈપણ કારણ દર્શાવ્યા વિના કોન્ટ્રાકટની મુદત સમય, પહેલાં, ૩૦ દિવસની નોટીસ આપી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે, તેવી જ રીતે કેટરરે નિયત મુદત પહેલાં કોન્ટ્રાકટ છોડવો હશે તો ૬૦ દિવસ અગાઉ સંસ્થાનને લેખિત જાણ કરવાની રહેશે તથા સંસ્થા અન્ય જેને પણ કોન્ટ્રાકટ આપે અને તે માટે સંસ્થાને કોઈ નાણાંકીય નુકશાન થાય તો તે ચાલુ કોન્ટ્રાકટરની ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

(૩) કેટરરે પોતાનું કામકાજ શરૂ કરતાં પહેલાં સંસ્થાન તરફથી આપવામાં આવેલ સઘળી વસ્તુઓ જેમ કે ડીશ, વાડકા, ચમચીઓ, રસોઈ માટેના તપેલા ઈત્યાદિ તેમજ ક્રોકરી અને અન્ય સાધનો જેવા કે ફર્નીચર, ગેસના ચૂલા, બાટલા, રેફ્રિજરેટર, ગીઝર, મીક્ષર વિગેરેનો હવાલો જોઈ ચકાસી ગણતરી કરીને લેવાનો રહેશે અને તમામની યોગ્ય જાળવણીની જવાબદારી કેટરરની રહેશે. કેન્ટીનના આ સાધનો, ફીટીંગ્સ અથવા જંગમ મિલકતને કેન્ટીન કોન્ટ્રાકરટની બેદરકારીથી નુકશાન થશે કે ગુમ થશે તો તેની જવાબદારી કેટરરની રહેશે અને તે બદલ સંસ્થાનને નુકશાનીની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૪) સંસ્થાન તરફથી ચા–કોફીના પોટરી/મગ કેન્ટીન કોન્ટ્રાકટરને આપવામાં આવશે અને તેમાં જે કંઈ નુકશાની થશે તે માટે નુકશાનીના ૫૦% રકમ કેન્ટીન કોન્ટ્રાકટરે ભોગવવાની રહેશે. આ સિવાયની તમામ ક્રોકરી માટે ૧૦૦% નુકશાની કોન્ટ્રાકટરના શીરે રહેશે.

(૫) ***<u>અ</u>*** જે સાધનોની કેન્ટીનમાં જરૂરીયાત હોય તેની લેખિતમાં નોંધ રેકટરશ્રીને મોકલવાની રહેશે. રેકટરશ્રી જરૂરીયાતને ધ્યાને લઈ ખરીદીની પ્રક્રિયા હાથ પર લેશે.

***<u>બ</u>*** સંસ્થાનના ધ્યાન પર આવે ત્યારે અથવા કેટરીંગ કોન્ટ્રાકટ પુરો થાય/રદ થાય ત્યારે સંસ્થાનની જે વસ્તુઓ/સાધનોને કેન્ટીન કોન્ટ્રાકટની બેદરકારીથી નુકશાન થયું હશે અથવા ગુમ થયેલ હશે, તો તેનો ચાર્જ કેટરરની જમા ડિપોઝીટ અથવા બાકી બીલોમાંથી વસૂલ કરવામાં આવશે. તેમ છતાં બાકી રકમ સંસ્થાનને ચૂકવી આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. નુકશાન સંબંધી સંસ્થાનના મહાનિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે જે કોન્ટ્રાકટરે સ્વીકારવાનો રહેશે.

(૬) <u>અ</u> સંસ્થાનની જરૂરીયાત અનુસાર સંસ્થાનના તેમજ સંસ્થાનમાં યોજવામાં આવતાં બહારની સંસ્થાઓના વિવિધ કાર્યક્રમોમાં ઓર્ડર આપ્યા પ્રમાણે બપોરના ભોજન અને રાત્રી ભોજનની નકકી કરાયેલ વાનગીઓ આપવાની રહેશે. તેમજ ઓર્ડર અનુસાર સવાર–બપોરની વાનગીઓ–નાસ્તા આપવાના રહેશે.

<u>બ</u> આમ, કેટરરે સવાર–સાંજ ઓર્ડર મુજબ જમણનો અને ચા–કોફી, બિસ્કીટની વ્યવસ્થા સંસ્થાન તેમજ બહારની સંસ્થાનના કાર્યક્રમો માટે નિયત સમયે કરવાની રહેશે. જયારે ચાલુ ઓફીસ દરમ્યાન ચા–કોફી, ઠંડાપીણા અને રિસેષ દરમ્યાન કોઈપણ બે હળવા નાસ્તાની સગવડ દરરોજ કરવી પડશે, જેથી સંસ્થાનની મુલાકાતે આવેલ, તાલીમ લેતી વ્યકિતઓ, વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાનના સ્ટાફને સવલત મળી રહે. ઉપરોકત (અ) અને (બ) બહારની સંસ્થા માટે પરિશિષ્ટ મુજબ નકકી કરેલ ભાવ પર ૨૫% સંસ્થાનનાં સર્વિસ ચાર્જનાં ઉમેરી બીલ બનાવવાનું રહેશે.

<u>ક</u> પરિશિષ્ટોમાં ઉલ્લેખ કર્યા સિવાયની ભોજનની વાનગીઓ બનાવવાનો ઓર્ડર આપવામાં આવે ત્યારે તે મુજબ વાનગીઓ બનાવવાની તથા પુરી પાડવાની જવાબદારી કેટરરની રહેશે અને તેનો ભાવ બંને પક્ષે સમજુતીથી નકકી કરવામાં આવશે.

(૭) કેટરર ધ્વારા તૈયાર થયેલ વાનગીઓ ઉચી ગુણવત્તાવાળી, સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ હોવી જોઈએ. સંસ્થાનના અધિકારીઓ કે ફેકલ્ટી મેમ્બર પ્રસંગોપાત તેની ગુણવત્તાની ચકાસણી, ટેસ્ટ કરી શકશે. ઉતરતી ગુણવત્તાવાળી વાનગીની રકમ સંબંધિત બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૮) કેટરરે ટેન્ડર સાથે ડીપોઝીટ કરાવેલ રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પુરા)ની રકમ કોન્ટ્રાકટ પુરો થાય અથવા રદ થાય ત્યાં સુધી સંસ્થાનમાં જમા રહેશે.

(૯) કેટરરે ગેસના બાટલાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે તથા તેનો ચાર્જ કેટરરે ભોગવવાનો રહેશે. કેન્ટીનનું વીજળીનું બીલ કેટરરે રૂા.૨૦૦૦/– માસિક ભરવાનું રહેશે.

(૧૦) જરૂરીયાત ઉભી થાય તો કોન્ટ્રાકટ ચાલુ હોવા છતાં, ખાસ કિસ્સામાં અન્ય કેટરીંગ કોન્ટ્રાકટર પાસેથી સંસ્થાન સેવાઓ લઈ શકશે.

(૧૧) જયારે મોટી સંખ્યામાં વ્યકિતઓ માટે નાસ્તો, ચા, જમવાનો વિગેરેનો પ્રબંધ કરવાનો થાય ત્યારે સંસ્થાનના અધિકારીઓ સાથે પરામર્શ કરી, તેમની પૂર્વમંજૂરી મેળવી આદેશાનુસાર વધારાના વાસણો તથા અન્ય સવલતોનો પ્રબંધ કેન્ટીન કોન્ટ્રાકટરે કરવાનો રહેશે અને તે અંગે સબંધિત પાર્ટીનું વ્યાજબી ભાડાનું બીલ રજુ કરવાથી તેની સંસ્થાન ચુકવણી કરશે.

(૧૨) <u>અ</u> કેટરીંગ સેવાઓ આપવા માટે જે મજુર, વેઈટર, રસોયા ઈત્યાદિ કર્મચારીને કામે રાખવામાં આવે ત્યારે રેકર્ડસ, ભારત અને રાજય સરકારના મજૂર વિષયક કાયદાઓ હેઠળ નિયત કરેલ રજીસ્ટરોમાં રાખવાની જવાબદારી કેટરરની છે. આ અંગે પ્રવર્તમાન મજૂર વિષયક કાયદાઓ (કોન્ટ્રાકટ લેબર એકટ, લઘુત્તમ વેતન, બોનસ, ગ્રેજયુટી, ઈ.એસ.આઈ.,

પ્રોવિડન્ડ ફંડ) ઈત્યાદિનું પાલન કરવાનું રહેશે અને તે સંબંધી રેકર્ડસ પણ તેઓએ જ રાખવાનું અને જાળવવાનું રહેશે. રોકવામાં આવેલ તમામ કર્મચારીઓનું મહેનતાણું ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી કેટરરની રહેશે. કોન્ટ્રાકટ સમય દરમ્યાન કોઈપણ દિવસે નવ (૯) થી વધારે કામદારો રાખી શકાશે નહી.

***બ*** પ્રોવિડન્ડ ફંડ કાયદા સંબંધમાં કેટરરે દર મહિને ૧૦ તારીખ સુધીમાં ગત માસ દરમ્યાન કયાં કયાં કર્મચારીએ કેટલાં દિવસ કામ કર્યુ, દરેકને કેટલો પગાર ચૂકવવામાં આવ્યો અને કેટલી પ્રોવિડન્ડ ફંડની રકમ દરેકના પગારમાંથી કાપવામાં આવી અને પ્રોવિડન્ડ ફંડની ઓફીસે જમા કરવામાં આવી, તે અંગેની લેખિત વિગત સંસ્થાનના હિસાબી અધિકારીને રજૂ કરવાની કેટરરની ફરજ રહે છે.

(૧૩) સ્વચ્છતા અને ખોરાકની શુધ્ધતા બાબતે રાજયના આરોગ્ય વિભાગના ખોરાક ઔષધ નિયમન તંત્ર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરેલ નિર્દિષ્ટ નિયમો અને અધિનિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) ***અ*** સમગ્ર કેન્ટીન વિસ્તારની સ્વચ્છતાની જવાબદારી કેટરીંગ કોન્ટ્રાકટરની રહેશે. જેમાં રસોડું, ડાયનીંગ હોલ, વી.આઈ.પી. રૂમ, ફર્નીચર, સ્ટોરરૂમ ઈત્યાદિનો સમાવેશ થાય છે.

***બ*** કેન્ટીનમાં થયેલ કચરો તેમજ બગાડનો નિકાલ કરવાની વ્યવસ્થા કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે નિયત જગ્યાએ કરવાની રહેશે. આવો કચરો કચેરીના કમ્પાઉડમાં નાંખવાનો નથી.

(૧૫) કેન્ટીનમાં કોન્ટ્રાકટર ધ્વારા કામે રાખવામાં આવતા તમામ કર્મચારી બીન રોગીષ્ટ હોવા જોઈએ. તેમજ તેઓનો પોષાક, હાથ, માથાના વાળ ઈત્યાદિ સ્વચ્છ અને સુઘડ હોવા જરૂરી છે. તમામ કર્મચારીને કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે ગણવેશ આપવાનો રહેશે.

(૧૬) કેટરીંગ કોન્ટ્રાકટર તથા તેના કર્મચારીએ સંસ્થાનમાં યોજાતા કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા મહાનુભાવો, તાલીમાર્થીઓ, મુલાકાતીઓ, સંસ્થાનના કર્મચારીગણ ઈત્યાદિ સાથે પુરા વિવેકથી અને શિસ્તબધ્ધ રીતે વર્તન કરવું પડશે. વર્તન બાબતે કોઈપણ ફરીયાદ આવશે, તો તેની ગંભીર નોંધ લઈ, સંસ્થાન એકતરફી નિર્ણય લઈ શકશે.

(૧૭) કેટરીંગ કોન્ટ્રાકટર સંસ્થાન ધ્વારા યોજાતા તેમજ સંસ્થાનની સંમતિથી બહારની સંસ્થાઓ ધ્વારા યોજાતા કાર્યક્રમો સિવાય બહારની બીજી કોઈપણ સંસ્થા કે વ્યકિતને અધિકૃત અધિકારીની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારની કેટરીંગ સેવાઓ આપી શકાશે નહીં કે સંસ્થાનના કેટરીંગ સાધનોનો ઉપયોગ કરી શકશે નહી.

(૧૮) ભોજન, નાસ્તો, ચા–પાણી, ઠંડાપીણા માટે વાપરવામાં આવતી ચીજવસ્તુઓ તેમજ બહારથી ખરીદીને પીરસવામાં આવતી વાનગીઓ ઉચ્ચ ગુણવત્તાવાળી, સારી બ્રાન્ડની, શુધ્ધ અને આરોગ્યપ્રદ હોવી જરૂરી છે. ખાસ કરીને સીંગતેલ જાણીતી પેઢીનું લેબલટીન તેમજ ઘઉ, ચોખા, સારી જાતના વાપરવાના રહેશે.

(૧૯) સંસ્થાન ધ્વારા ઓર્ડર આપી બહારથી વાનગી ખરીદીને આપવાનું કહેવામાં આવે ત્યારે જો કોન્ટ્રાકટમાં અન્ય રીતે સ્પષ્ટ કરેલ ન હોય ત્યારે આ ખરીદેલ વાનગી અંગે સર્વિસ આપવા બદલ વાનગીનું બીલ ઉપરાંત ૧૦% સર્વિસ ચાર્જ તેમજ વસ્તુ ખરીદવામાં ખરેખર રીક્ષાભાડું કેટરરને આપવામાં આવશે. પરંતુ આવી વાનગી ઓર્ડર મુજબ જ બહારથી સમયસર ખરીદી લાવી તેને પીરસવાની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૦) સંસ્થાનમાં કાર્યક્રમો ચાલું હોય ત્યારે ઓડિટોરીયમ કે સેમિનાર રૂમ પાસે, જયાં કાર્યક્રમ ચાલુ હોય ત્યાં ઠંડા પાણીની વ્યવસ્થા કેટરરે કરવાની રહેશે.

(૨૧) કાર્યક્રમ પૂરો થાય બાદ, બીલ રજુ કર્યાથી ૧૫ દિવસમાં બીલની ચકાસણી કરી સંસ્થાન ધ્વારા કેટરરને નિયમાનુસાર ટેક્ષ કપાત કરી ચૂકવણી કરવામાં આવશે.

(૨૨) કેટરીંગ કોટ્રાકટર બહારની સંસ્થા ધ્વારા સંસ્થાનમાં યોજવામાં આવતા કાર્યક્રમોમાં આપવામાં આવતી કેટરીંગ સેવાઓના બીલની કુલ રકમ ૨૫% સંસ્થાનની સેવાઓના ચઢાવી બીલ રજુ કરવાનું રહેશે. બહારની સંસ્થા ધ્વારા મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને બીલની પૂરેપૂરી રકમ મળ્યા પછી જ આ પેમેન્ટ કોન્ટ્રાકટરને કરવામાં આવશે.

(૨૩) દરેક બીલ ઉપર પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર (ફેકલ્ટી–સંસ્થાનમાં કાર્યક્રમો માટે)ની સહી મેળવી તેમજ બહારની સંસ્થાઓનાં બીલોમાં જે તે સંસ્થાની સહી મેળવીને જ બીલ પેમેન્ટ માટે રજૂ કરવાનું રહેશે.

(૨૪) કોન્ટ્રાકટર બહારનાં વાહનો સંસ્થાનમાં રાખી શકશે નહી તેમજ બીનજરૂરી માણસોને કેન્ટીનમાં રાખી શકશે નહીં. જો આવી બાબતો સંસ્થાનમાં ધ્યાનમાં આવશે તો કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

(૨૫) સંસ્થાનનાં કેમ્પસમાં કોઈ પ્રતિબંધિત ખાધ્ય સામગ્રી તથા પીણા લાવવા પર સખત પ્રતિબંધ છે. જો કેન્ટીનનાં કર્મચારીઓ ધ્વારા આવી પ્રતિબંધિત ખાધ્ય સામગ્રી અને પીણા લાવવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે અને આવી બાબતમાં સંસ્થાનના વડાનો નિર્ણય આખરી રહેશે.

(૨૬) સંસ્થાનને જાણ કર્યા વગર જો કોન્ટ્રાકટર તરફથી કેટરીંગ સેવાઓ આપવાનું અચાનક બંધ કરવામાં આવશે તો તે સમયે સંસ્થાન ધ્વારા વૈકલ્પિક વ્યવસ્થા હાથ ધરવામાં આવશે અને તેનો તમામ ખર્ચ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે. જરૂર જણાય તો સિકયોરીટી ડિપોઝીટની રકમ પણ જપ્ત કરવામાં આવશે.

(૨૭) કેન્ટીનમાં તાલીમાર્થીઓના લંચ અને ડિનર સમયે સ્વચ્છ ટાવેલ અને વોશ બેઝીન પાસે સોપ રાખવાની વ્યવસ્થા કોન્ટ્રકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

(૨૮) કેન્ટીનનાં તમામ સાધનો, વાસણો અને કેન્ટીનની જગ્યા વી.આઈ.પી. રૂમ સહિતની સ્વચ્છ રાખવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સફાઈ માટે ફીનાઈલ, સોડા, પોતા માટેનું કાપડ, એસિડ, ઝાડૂ ઈત્યાદિની ખરીદીનું ખર્ચ કોન્ટ્રાકટરે કરવાનો રહેશે. કેન્ટીનમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૯) કોન્ટ્રાકટર તરફથી પૂરી પાડવામાં આવતી વાનગીઓ (લંચ, ડીનર, સ્નેકસ, ચા, કોફી, પીણાઓ વિગેરે) બાબતે મહાનિયામકશ્રી કે તેમના ધ્વારા અધિકૃત કરેલ અધિકારી ધ્વારા તપાસ કરતાં જો ખાદ્ય વાનગીઓ હલકી ગુણવત્તાવાળી માલુમ પડશે તો તે માટે પ્રથમ વખતે રૂ.૨૦૦/–, બીજી વખતે રૂ.૩૦૦/– અને ત્યાર પછી રૂ.૫૦૦/– પેનલ્ટી લાગુ પાડવામાં આવશે.

(૩૦) કોન્ટ્રાકટર ધ્વારા કામે રાખવામાં આવતાં કર્મચારીઓની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોવી જોઈએ નહી તેમજ બધાજ કર્મચારીઓની વર્કમેન્સ કોમ્પેન્શેસન ઈન્સોરન્સ પોલિસી ઉતરાવવાની રહેશે. કોઈપણ કર્મચારીની કામગીરી દરમ્યાન કોઈ ઈજા કે અકસ્માત થાય તો તે માટેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સંસ્થાનની તે માટે કોઈ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૩૧) સંસ્થાન ધ્વારા કોન્ટ્રાકટરને પુરી પાડવામાં આવતી જગ્યા, સાધનો, ફર્નિચર, પાણી વિગેરેનો ઉપયોગ કાળજીપૂર્વક, સંભાળપૂર્વક તેમજ સંસ્થાની કામગીરી માટે જ કરવાનો રહેશે. પાણીનો બગાડ, વીજળીનો દુરપયોગ અને સાધનો પ્રત્યે નિષ્કાળજી રાખવા અંગેની બાબત સંસ્થાનનાં ધ્યાનમાં આવશે તો સંસ્થાન ધ્વારા રૂ.૨૦૦/– દિવસ દીઠ પેનલ્ટી કોન્ટ્રાકટર પાસેથી વસૂલ કરવામાં આવશે અને બેદરકારી કે નિષ્કાળજીનાં કારણે કોઈ નુકશાન થશે તો તે સંપૂર્ણ રકમ કોન્ટ્રાકટરે ભરપાઈ કરવાની રહેશે.

(૩૨) અપેક્ષિત અને સંતોષકારક કામગીરી પૂર્ણ થયા પછી સીકયોરીટી ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

(૩૩) જયારે પણ કોઈ વિવાદ ઉભો થાય ત્યારે આખરી નિર્ણય મહાનિયામકશ્રીનો રહેશે અને ન્યાયીક પ્રક્રિયા માટેનું હકુમતનું સ્થળ અમદાવાદ રહેશે.

*કોન્ટ્રાકટરની સહી* ..................................

*સીલ* ..................................

*તારીખ* ..................................

## ***પરિશિષ્ટ–૧ (અ)***
## ***લંચ/ડીનરમાં સમાવિષ્ટ વાનગીઓ અને તેના ભાવો***

| ***નં.*** | ***વાનગી*** | ***ભાવ એક વ્યકિતના ભાણા માટે રૂપિયા*** |
|---|---|---|
| ***૧*** | ***૨*** | ***૩*** |
| ૧ | ***અમર્યાદિત સાદા ભોજન :–***<br>(૧) રોટલી / પુરી / પરોઠા / ભાખરી / રોટલા, (૨) દાળ અથવા કઢી, (૩) શાક (લીલોતરી–સીઝનલ), (૪) શાક (સૂકી અન્ય વેરાયટી દા.ત. બટાકા ઈત્યાદિ), (૫) કઠોળ, (૬) ફરસાણ, (૭) ભાત, (૮) પાપડ, (૯) કચુંબર (ડુંગળી, ટામેટાં, લીંબુ, કાકડી, ગાજર ઈત્યાદિ) (૧૦) દહીં અથવા છાશ<br>***નોંધ :–*** ઉપરોકત ભાણાનો ઓર્ડર આપવામાં આવે ત્યારે ઉપરની ચીજો (પાપડ, દહીં, છાશ સિવાય) અમર્યાદિત આપવાની રહેશે. | |
| ૨ | અમર્યાદિત સાદા ભોજન તથા ***મર્યાદિત*** મિષ્ટાનનાં કુલ રૂપિયા | |
| ૩ | અમર્યાદિત સાદા ભોજન તથા ***અમર્યાદિત*** મિષ્ટાનનાં કુલ રૂપિયા | |
| ૪ | ઉંધીયું, જલેબી, પુરી (અમર્યાદિત) | |
| ૫ | ચણા, પુરી, ગુલાબ જાંબુ, પાપડ, મરચા (અમર્યાદિત) | |
| ૬ | દાળબાટી, ચુરમો (અમર્યાદિત) | |
| ૭ | ભાજીપાઉ, પાપડ, ડુંગળી (અમર્યાદિત) | |
| ૮ | ***VIP લંચ (અમર્યાદિત) :–***<br>સૂપ, પૂલાવ, દાલફ્રાઈ, એક પંજાબી સબ્જી, એક સીઝનલ સબ્જી, અથાણું, પાપડ, સલાડ, અમર્યાદિત મિષ્ટાન, દહીં/રાયતું, ફરસાણ, રોટલી/પુરી/પરોઠા | |
| ૯ | **VVIP** લંચ અમર્યાદિત તથા ઉપર અનુ.નં.(૪)માં જણાવેલ વાનગીઓ ઉપરાંત એપેરાઈઝર, સ્ટાર્ટર, બેક ડીશ, આઈસ્ક્રીમ, ફ્રુટ, વઢવાણી મરચાં, રૂમાલી રોટીનાં કુલ રૂપિયા | |
| ૧૦ | ***ડીનર–અમર્યાદિત ડીશ :–***<br>રોટલી, ભાખરી, પરોઠા, પુરી, દાળ અથવા કઢી, બે શાક, ખીચડી અથવા ભાત, પાપડ, કચુંબર, દહીં, છાશ, અથાણું. | |

***નોંધ :–***

ઉપરોકત વાનગીઓમાં ન દર્શાવવામાં આવેલ હોય તેવી અન્ય વધારાની વાનગીઓની માંગણી કરવામાં આવતાં કોન્ટ્રાકટર, પાર્ટી અને સંસ્થાનના અધિકારીશ્રી સાથે પરસ્પર નેગોશિએશનથી ભાણા દીઠ રકમ નકકી કરવામાં આવશે.

***કોન્ટ્રાકટરની સહી ...................................***

***સીલ .............................***

***તારીખ : .......................***

## ***પરિશિષ્ટ–૧ (બ)***
## ***પ્રસંગોપાત આપવાપાત્ર થતી અન્ય વાનગીઓની વિગતો***

| **નં.** | **વાનગી** | **જથ્થો** | **ભાવ** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | (એપેરાઈઝર) ફ્રુટ જયુસ, પાઈનેપલ જયુસ, તરબૂચ વિગેરે ગમે તે એક ફ્રુટનો રસ | એક ગ્લાસ મોટો | |
| ૨ | **સુપ :–**<br>ટામેટા (ક્રીમ અને બ્રેડ સાથે)<br>સ્વીટકોર્ન<br>મીનીસ્ટ્રોન<br>મીકસ વેજીટેબલ<br>હોટ એન્ડ સાવર | એક મોટો કપ | |
| ૩ | પુલાવ (દહેરાદુન બાસમતી, કાજુદ્રાક્ષ ઈત્યાદિ સહિત વિવિધ પ્રકારના પુલાવના ભાવો | ૧૫૦ ગ્રામ | |
| ૪ | સ્ટાર્ટર (એસોર્ટેડ, કબાબ, ચીઝ–પાઈનેપલ સ્ટીક, વેજીટેબલ કબાબ, પનીર ટીકા ડ્રાય વિગેરે) | | |
| ૫ | બેક ડીશ (વેજીટેબલ ફલોરેન્ટાઈન, મેક્રોની વીથ પાઈનેપલ, ચીઝ વિગેરે) | | |

## ***પરિશિષ્ટ–૧ (ક)***

| **નં.** | **વિગત** | **જથ્થો** | | **ભાવ** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | **મીઠાઈ** | | | |
| **(૧)** | કાજુકતરી | (અ) | ૪ નંગ | |
| | | (બ) | અમર્યાદિત | |
| | રાજભોગ (રસગુલ્લા) | (અ) | ૪ નંગ | |
| | | (બ) | અમર્યાદિત | |
| | ગુલાબ જાંબુ | (અ) | ૪ નંગ | |
| | | (બ) | અમર્યાદિત | |
| | કાલાજાંબુ | (અ) | ૪ નંગ | |
| | | (બ) | અમર્યાદિત | |
| | અન્ય બંગાળી મીઠાઈ | (અ) | ૪ નંગ | |
| | | (બ) | અમર્યાદિત | |
| | મોતીચૂર લાડુ | (અ) | ૪ નંગ | |
| | | (બ) | અમર્યાદિત | |
| **(૨)** | શીખંડ, મલાઈ ચમચમ | (અ) | ૧૫૦ ગ્રામ | |
| | | (બ) | અમર્યાદિત | |
| **(૩)** | બાસુંદી, દૂધપાક, રસ મલાઈ, રબડી, કેરીનો રસ, ક્રીમ સલાડ, ફ્રુટસલાડ અથવા તેને સમકક્ષ અન્ય વાનગીઓ | (અ) | ૧૫૦ ગ્રામ | |
| | | (બ) | અમર્યાદિત | |

***કોન્ટ્રાકટરની સહી .................................***

***સીલ ............................***

***તારીખ : ......................***

## ***પરિશિષ્ટ–૨***

| નં. | વાનગી | જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **(૧)** | **ચ્હા, કોફી, દુધ, ઠંડાપીણા** | | |
| ૧.૧ | ચ્હા | ૧ કપ | |
| ૧.૨ | ચ્હા | ૧/૨ કપ | |
| ૧.૩ | સર્વિસ ચ્હા | ૧ કપ | |
| ૧.૪ | ચ્હા (ટી બેગ અલગથી) | ૧ કપ | |
| ૧.૫ | નેસ કોફી | ૧ કપ | |
| ૧.૬ | નેસ કોફી | ૧/૨ કપ | |
| ૧.૭ | સર્વિસ કોફી | ૧ કપ | |
| ૧.૮ | મીનરલ વોટર | ૫૦૦ મી.<br>૧ લીટર | |
| ૧.૯ | દુધ (ખાંડ સાથે) | ૧ મોટો ગ્લાસ | |
| ૧.૧૦ | થમ્સ અપ, લીમ્કા, માઝા, પેપસી કે અન્ય | | |
| **(૨)** | **નાસ્તાની આઈટમ** | | |
| ૨.૧ | બ્રેડ બટર | ૪ સ્લાઈસ | |
| ૨.૨ | બટર ટોષ્ટ | ૪ સ્લાઈસ | |
| ૨.૩ | બ્રેડ જામ | ૪ સ્લાઈસ | |
| ૨.૪ | સેન્ડવીચ | ૪ સ્લાઈસ | |
| ૨.૫ | બિસ્કીટ ૬ નંગ (૨ પારલે ગ્લુકો, ૨ મોનેકો, ૨ ક્રિમ બ્રીચ તીખા)<br>***નોંધ*** **:–** બટરમાં અમુલ બટરપૈક વાપરવાનું રહેશે. બ્રેડ જાણીતી બ્રાન્ડની હોવી જોઈએ. | | |
| ૨.૬ | ઈડલી, સંભાર સાથે દાળ, લીલી ચટણી | ૨ નંગ મોટી | |
| ૨.૭ | ઢોંસા (સંભાર અને દહીંની ચટણી સાથે) | ૧ નંગ મોટી | |
| ૨.૮ | કટલેસ | ૨ નંગ | |
| ૨.૯ | મેથીના ગોટા | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૦ | સમોસા (પંજાબી) | ૧૦૦ ગ્રામ | |

| નં. | વાનગી | જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨.૧૧ | દાળવડા | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૨ | પાતરા | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૩ | બટાકા પૌઆ | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૪ | ઉપમા–દહીં | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૫ | બટાકા વડા | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૬ | ગરમ/ઠંડા દૂધ સાથે કેલોગ્સ | ૧૫૦ ગ્રામ દૂધ +<br>૫૦ ગ્રામ કેલોગ્સ | |
| ૨.૧૭ | સેવ–ઉસળ મીકસ | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૮ | ફુલવડી, ભાવનગર ગાંઠીયા, પાપડી, સેવ | ૧૦૦ ગ્રામ | |
| ૨.૧૯ | પોટેટો વેફર્સ મસાલા | ૭૫ ગ્રામ | |
| ૨.૨૦ | કાતરી | ૭૫ ગ્રામ | |
| ૨.૨૧ | રતલામી સેવ (જાણીતી બ્રાન્ડ) | ૧૦૦ ગ્રામ | |
| ૨.૨૨ | મીક્ષ ભજીયા | ૧૦૦ ગ્રામ | |
| ૨.૨૩ | બફવડા | ૪ નંગ | |
| ૨.૨૪ | ચીઝ–જામ સેન્ડવીચ | ૨ નંગ | |
| ૨.૨૫ | દહીંવડા (મોટી સાઈઝ) | ૨ નંગ | |
| ૨.૨૬ | દૂધ–પૌઆ | ૧ ડીશ | |
| ૨.૨૭ | ગ્રીલ સેન્ડવીચ | ૧ નંગ | |
| ૨.૨૮ | ઉત્તપામ | ૧૦૦ ગ્રામ | |
| ૨.૨૯ | વેજીટેબલ આલુમટર ચટણી સેન્ડવીચ | ૧ નંગ | |
| ૨.૩૦ | મેંદુવડા (સંભાર) | ૨ નંગ | |
| **(૩)** | **અન્ય** | | |
| ૩.૧ | ફ્રુટ, કાકડી, બુંદી, કેળા, પાલકનું રાયતું | ૫૦ ગ્રામ | |
| ૩.૨ | લીલી કોથમીર, કોપરા, લીંબુ, મરચા ચટણી | ૫૦ ગ્રામ | |
| ૩.૩ | ફ્રુટ ડીશ (સીઝનલ) | ૧૦૦ ગ્રામ | |
| ૩.૪ | ગ્રીન સલાડ | ૫૦ ગ્રામ | |

| નં. | વાનગી | જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩.૫ | પુરી શાક | અમર્યાદિત | |
| ૩.૬ | પંચરત્ન કારેલા | ૧૫૦ ગ્રામ | |
| ૩.૭ | કોઈપણ પંજાબી શાક | ૧૫૦ ગ્રામ | |
| ૩.૮ | બેંગન ભરથુ | ૧૫૦ ગ્રામ | |
| ૩.૯ | બટર નાન | ૨ નંગ | |

***નોંધ :–*** ***સંસ્થાનના સ્ટાફને ચા–કોફી અને નાસ્તો ૨૫% ઓછા ભાવે પૂરો પાડવાનો રહેશે.***

***કોન્ટ્રાકટરની સહી ...................................***

***સીલ .............................***

***તારીખ : .......................***